વાપી મનપાના મેયર દક્ષા પટેલ, ડે.મેયર મિતેશ દેસાઈની વરણી

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષ પટેલ, શાસક પક્ષના નેતા ધર્મેશ પટેલ, દંડક તરીકે સુનિતા તિવારીની વરણી



વાપી: વાપી મહાનગરપાલિકાની પહેલી સામાન્ય સભામાં પ્રથમ મેયર પદે દક્ષાબેન રાજેશભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી. વાપી મ્યુન્સિપલ કમિશનર એન.એફ.ચૌધરી તેમજ ડેપ્યુટી મ્યુન્સિપલ કમિશનર આસ્થા સોલંકીની ઉપસ્થિતિમાં પ્રભૂષણ રજ્જુભાઈ શ્રોફ ઓડિટોરિયમમાં ગુરુવારે સવારે વાપી મનપાની સામાન્ય સભા મળી હતી. જીતેલા કાઉન્સિલર્સને મ્યુન્સિપલ કમિશનર એન.એફ.ચૌધરીએ આવકાર્યા હતા. ત્યારબાદ સભામાં હોદ્દેદારો માટે ચૂંટણી થઈ હતી. જેમાં મેયરની ચૂંટણી માટે એક જ નામ હોવાથી દક્ષાબેન પટેલને મેયર તરીકે બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા. જ્યારે ડેપ્યુટી મેયર પદે મિતેશભાઈ દેસાઈની વરણી કરવામાં આવી હતી. ત્યાર બાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે સતિષભાઈ પટેલ, શાસક પક્ષના નેતા તરીકે ધર્મેશભાઈ પટેલ તથા દંડક તરીકે સુનિતાબેન તિવારીની વરણી કરવામાં આવી હતી. સામે પત્રે કોઈએ ફોર્મ ભર્યું નહીં હોવાથી બધા હોદ્દેદારોની વરણી થઈ હતી. હોલમાં હોદ્દેદારોની વરણી વખતે ભારત માતા કી જય તેમજ જયશ્રી રામના નારા ગુંજ્યા હતા. આ તમામ વરણીઓ અઢી વર્ષની મુદ્દત માટે કરવામાં આવી છે. શહેર ભાજપ પ્રમુખ મનિષભાઈ દેસાઈ સહિત અગ્રણીઓએ ફૂલહારથી નવા હોદ્દેદારોને આવકારીને અભિનંદન આપ્યા હતા. જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, મહામંત્રી કમલેશભાઈ પટેલ, પૂર્વ મહામંત્રી શિલ્પેશભાઈ દેસાઈ સહિતના આગેવાનોએ નવનિયુક્ત પદ અધિકારીઓને વધાવ્યા હતા.

સ્ટેન્ડિંગ કમિટીના ૧૨ સભ્યની વરણી

વાપી મનપામાં ગુરુવારે મળેલી સામાન્ય સભામાં ૧૨ કાઉન્સિલરની સ્ટેન્ડિંગ કમિટીની રચના કરવામાં આવી હતી. જેના ચેરમેન પદે સતિષભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી. સતિષભાઈ પટેલ વીઆઈએના પ્રમુખ છે તેમજ વાપી શહેર ભાજપના પૂર્વ પ્રમુખ છે. બીજા સભ્યોમાં સંદીપભાઈ પટેલ, યોગેશભાઈ પટેલ, કૌશિકભાઈ પટેલ, સુનિતાબેન તિવારી, દેવેન્દ્રભાઈ પટેલ, દેવલબેન દેસાઈ, તસ્લીમબેન બાબુલ, ભાવલેશભાઈ કોટડીયા, મનીષાબેન દાયમા, ટીનાબેન હળપતિ તથા જેતલબેન પટેલનો સમાવેશ કરાયો છે.

વાપી મનપામાં વિકાસનાં કામોને વેગ મળશે

વાપી મનપામાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બન્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં સતિષભાઈ પટેલે જણાવ્યું કે, વાપી મનપામાં અમને જે જવાબદારી સોંપવામાં આવી છે તેના માટે અમે આભાર વ્યક્ત કરીએ છીએ તેમજ વાપીના વિકાસના કામો કરતાં રહીશું. ભાજપ મોવડી મંડળ તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ નાણાંમંત્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કરીએ છીએ. કનુભાઈના માર્ગદર્શનમાં વાપી મનપામાં અમારી ટીમ વિકાસના કામો કરતી રહેશે.

વિપક્ષના નેતા પદે પીરૂભાઈ મકરાણીની વરણી

વાપી મનપામાં વિપક્ષના નેતા પદે કોંગ્રેસના પીરૂભાઈ મકરાણીની વરણી કરવામાં આવી હતી.કોંગ્રેસના ૧૧ કાઉન્સિલરો ઉપસ્થિત રહયા હતા. જેમાં ખંડુભાઈ સહિતના કાઉન્સિલરોએ પીરૂભાઈને વિરોધ પક્ષના નેતા તરીકે વરણી થયા બાદ અભિનંદન આપી આવકાર્યા હતા.

વાપી મનપામાં ડેપ્યુટી મ્યુ. કમિશનર તરીકે રાણાની નિમણૂક

વાપી: વાપી મહાનગરપાલિકામાં ડેપ્યુટી મ્યુન્સિપલ કમિશનર તરીકે કે. એમ. રાણાને મુકવામાં આવ્યા છે. પારડી મામલતદાર તરીકે કાર્યરત કે. એમ. રાણાને આજે મહેસૂલ વિભાગના સંયુક્ત સચિવ દ્વારા થયેલા બદલીના આદેશમાં પારડીથી વાપી મનપામાં મુકવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક વખતથી અશ્વન પાઠકની અહીંથી બદલી થયા બાદ આ જગ્યા ખાલી હતી. બીજા ડેપ્યુટી મ્યુન્સિપલ કમિશનર તરીકે આસ્થા સોલંકી અહીં કાર્યરત છે.

ચોમાસામાં આ હાઈવે પર ‘વાહન ધકેલો’ સ્પર્ધા ફિક્સ!

ચીખલીમાં ઓવરબ્રિજ, સર્વિસ રોડની ગટરોમાં કચરો ચોમાસામાં ફરી પાણી ભરાવાની વકી

હાઈવે ઓથોરિટી વહેલી તકે પ્રિમોન્સુન કામગીરી હાથ ધરે તેવી માંગ

ધર્મેશ પટેલ

ઘેજ: ચોમાસા પૂર્વે વરસાદી પાણીના નિકાલ માટે હાઈવે ઓથોરિટી દ્વારા ચીખલીમાં ઓવરબ્રિજ અને સર્વિસ રોડની ગટરોમાંથી કચરો કાઢી સાફ સફાઈ કરવામાં આવે તેવી માંગ ઊઠવા પામી છે.

તાલુકામાંથી પસાર થતાં અમદાવાદ મુંબઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ સ્થિત દેગામ રેલવે ફાટલ, વસુધારા ડેરી આલીપોર, ચીખલી, મલવાડા-મજીગામ ફાટક અને બલવાડા સ્થિત ઓવરબ્રિજ, અંડરપાસની આજુબાજુ તથા સર્વિસ રોડની ગટરો કચરો અને કાંપથી ઉભરાઈ રહી છે. પાણીના નિકાલ માટે આ ગટરો હાલ બિનકાર્યક્ષમ જણાઈ રહી છે. ઓવરબ્રિજ અને સર્વિસ રોડની બન્ને તરફથી ગટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે અવરોધ ઊભો થવાની શક્યતા જણાઈ રહી છે.

ઉપરોક્ત સંજોગોમાં ચોમાસા પૂર્વે હાઈવે ઓથોરિટી દ્વારા આ ગટરોમાંથી કચરો, કાંપ, માટી દૂર કરી યુદ્ધના ધોરણે સાફસફાઈ કરી વરસાદી પાણીનો યોગ્ય રીતે નિકાલ થાય તે નિશ્ચિત કરવામાં આવે તે જરૂરી છે. નોંધનીય છે કે આ ગટરોમાં વરસાદી પાણીનો નિકાલ ન થતાં આલીપોર ઓવરબ્રિજ, ચીખલીના ઓવરબ્રિજમાં વલસાડ તરફના છેડે રામનગર પાસે અને મલવાડા અંડરપાસ પાસે તથા થાલા સર્વિસ રોડ પર ચોમાસામાં સામાન્ય વરસાદમાં પણ મોટી માત્રામાં પાણીનો ભરાવો થતો હોય છે અને જેને પગલે વાહનચાલકોની યાતનાનો પાર રહેતો નથી. સમરોલીમાં રામનગર પાસે ઓવરબ્રિજના છેડે ગત ચોમાસામાં તો એટલી હદે પાણી ભરાયા હતા કે લોકોના વાહન બંધ પડી જતાં ચાલુ વરસાદે ધક્કા મારીને વાહનો બહાર કાઢવાની નોબત આવી હતી. જેનું પુનરાવર્તન આવનારા ચોમાસામાં ન થાય તેની તકેદારી હાઈવે ઓથોરિટી દ્વારા લેવામાં આવે તે જરૂરી છે.

ચીખલી સ્થિત ઓવરબ્રિજના રોડ પરથી પાણીના નિકાલ માટે પાઈપો તો નીચે સુધી ઉતારવામાં આવી છે પરંતુ હાલ આ ઓવરબ્રિજની ગટરો કચરાથી ઉભરાઈ રહી છે અને આ ગટરમાંથી પાણીનો નિકાલ થઈ શકે તેમ નથી ત્યારે હાઈવે ઓથોરિટી દ્વારા ઓવરબ્રિજના બન્ને તરફ કચરો કાઢી સાફ સફાઈ કરવામાં આવે તે જરૂરી છે.

વલસાડમાં વારી પાવર કંપનીમાં રૂપિયા ૪.૨૫ કરોડની ઠગાઈ

પ્લાન્ટ હેડ સહિત 4 કર્મીએ હરિયાણાના ગુરુગ્રામની સામાન્ય ફર્મના ઊંચા ભાવના પર્ચેઝ ઓર્ડર પાસ કરાવી દીધા

વલસાડ પોલીસે 6 સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

વ્હિસલ બ્લોવર પોર્ટલ પરથી ભાંડો ફૂટ્યો

મોટી મોટી કોર્પોરેટ કંપનીમાં ચાલતા કૌભાંડ પકડવા ખોટું કરનાર કર્મચારીની માહિતી આપવા માટેની એક સિસ્ટમ બનાવાતી હોય છે. જેમાં ઇમાનદાર કર્મચારી કે અધિકારી અહીં કોઇ પણ ફરિયાદ કરી શકે છે. આવું જ વારી કંપનીમાં પણ થયું હતું. કંપનીના જ ક્વોલિટી વિભાગમાં સિનિયર એન્જિનીયર તરીકે ફરજ બજાવતા રાજેશકુમાર દિનેશકુમાર સિંગે કંપનીના ‘વ્હિસલ બ્લોવર પોર્ટલ’ પર એક ઓનલાઈન ફરિયાદ દાખલ કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, પ્લાન્ટ હેડ જીતેન્દ્ર શર્મા અને તેમની ટીમ દ્વારા કંપનીમાં ગેરરીતિ આચરવા માટે તેમના પર સતત દબાણ કરવામાં આવી રહ્યું છે. આ આંતરિક ફરિયાદના આધારે મુંબઈ સ્થિત હેડ ઓફિસે તપાસના આદેશ આપ્યા હતા, જેમાં ઓડિટ ટીમની તપાસ દરમિયાન આ કરોડો રૂપિયાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું.

વલસાડ: વલસાડના સરોધી ગામે નેશનલ હાઈવે નંબર-૪૮ પર આવેલી જાણીતી સોલાર ઈન્વર્ટર ઉત્પાદક કંપની ‘વારી પાવર પ્રાઈવેટ લિમિટેડ’ (WAAREE Power private Limited) માં ૪.૨૫ કરોડની મસમોટી છેતરપિંડી થઈ છે. કંપનીના જ પ્લાન્ટ હેડ અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ ગુરુગ્રામની એક સામાન્ય ટ્રેડિંગ ફર્મના મેળાપીપણામાં કંપની સાથે આ કૌભાંડ આચર્યું હોવાની ફરિયાદ વલસાડ રૂરલ પોલીસ મથકે નોંધાઈ છે.

વલસાડ રૂરલ પોલીસ મથકે કરેલી ફરિયાદ મુજબ, ૨ જૂન ૨૦૨૫ ના રોજ જીતેન્દ્ર બંગાલી શર્માની પ્લાન્ટ હેડ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. તેમને વહીવટ, પ્રોડક્શન, ભરતી અને ખરીદી સહિતની તમામ જવાબદારીઓ સોંપાઈ હતી. તેમણે પોતાના પદનો દુરુપયોગ કરી પોતાના પરિચિતોને કંપનીમાં સિનિયર એન્જિનિયર વિમલકુમાર પ્રેમશંકર શર્મા, આસિસ્ટન્ટ મેનેજર કુલદીપ બ્રજેશ શર્મા અને પ્રોડક્શન એન્જિનિયર કૌશલ મુનેશ ઉપાધ્યાય તરીકે ગોઠવી દીધા હતા. આ ટોળકીએ હરિયાણાના ગુરુગ્રામ ખાતે આવેલી ‘AV POWERTEK’ નામની કંપની સાથે સાંઠગાંઠ કરી હતી.

આ પેઢી માત્ર ગ્લોઝ અને ટિશ્યુ પેપર વેચતી એક સામાન્ય ટ્રેડિંગ ફર્મ છે અને તેની પાસે સોલાર ઈન્વર્ટર પ્લાન્ટની મશીનરી સપ્લાય કરવાનો કોઈ ટેકનિકલ અનુભવ કે માળખું નથી. આમ છતાં, પ્લાન્ટ હેડ અને તેની ટીમે આ કંપની પાસેથી બજાર કિંમત કરતાં ખૂબ જ ઊંચા ભાવે મશીનરી અને મટીરીયલ ખરીદ્યું હોવાનું બતાવી, કુલ ૨૭ જેટલા બોગસ કે ઊંચા ભાવના પર્ચેઝ ઓર્ડર પાસ કરાવી દીધા હતાં. જેના થકી તેમણે અંદાજિત રૂ. 4.25 કરોડની વધુ રકમ કંપની પાસેથી ઉસેટી લીધી હતી.

આ ઓર્ડર સામે મટિરિયલ્સની મૂળ કિંમત કરતાં જે વધારાની રકમ કંપનીમાંથી પાસ કરાવવામાં આવી હતી, તે રકમ આ આરોપીઓએ પોતાના સગા-સંબંધીઓ અને મિત્રોના અલગ અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધી હતી.

કૌભાંડ બહાર આવતા પોલીસે જીતેન્દ્ર બંગાલી શર્મા (પ્લાન્ટ હેડ- રહે., ભીવાડી, રાજસ્થાન), વિમલકુમાર પ્રેમશંકર શર્મા (સિનિયર એન્જિનિયર- રહે., મથુરા, ઉત્તર પ્રદેશ), કુલદીપ બ્રજેશ શર્મા (આસિસ્ટન્ટ મેનેજર- રહે., હાથરસ, ઉત્તર પ્રદેશ), કૌશલ મુનેશ ઉપાધ્યાય (પ્રોડક્શન એન્જિનિયર- રહે., હાથરસ, ઉત્તર પ્રદેશ), આશીષ શર્મા અને વિકી શર્મા (ભાગીદારો, AV POWERTEK કંપની, ગુરુગ્રામ, હરિયાણા) વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પારડીમાં કારમાંથી દારૂ ઝડપાયો

પારડી: પારડીના કલસર સડક ફળિયા પાસેથી ચોરખાનું બનાવી દારૂની હેરાફેરી કરતી વર્ના કાર પોલીસે ઝડપી પાડી હતી. વલસાડ એલસીબીની ટીમે કાર (નં. GJ 15 CB 4911)માં આવતા રોકી હતી. જેમાં તપાસ કરતાં કારના ચોરખાનામાંથી દારૂની બોટલ નંગ.336 જેની કિં.રૂ. 55 હજારનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સંજય નટુભાઈ પટેલ (રહે., ધરમપુર)ને ઝડપી પાડ્યો હતો. જેની પૂછપરછ કરતાં દમણથી દારૂ ખરીદી ઘરે છૂટક વેચાણ અર્થે લઈ જતો હોવાનું કબૂલ્યું હતું. જ્યારે દારૂ ભરેલી કાર આપનાર દમણના વિક્રમને પોલીસે વોન્ટેડ બતાવી કુલ રૂ. 2.58 લાખનો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેરગામની ટ્રાફિક, ગટર અને ગેસ લાઈનની સમસ્યાઓનો ઉકેલ લાવો

ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલની વહેલી તકે પ્રજાલક્ષી કાર્યો શરૂ કરવા ખાતરી

ખેરગામ: ખેરગામ વિસ્તારના લાંબા સમયથી વણઉકેલ્યા પ્રશ્નો અને આગામી સમયમાં વિવિધ પ્રજાલક્ષી કાર્યો અંગે સ્થાનિક અગ્રણીઓ દ્વારા ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ સાથે બેઠક યોજીને ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન અગ્રણીઓએ ગુજરાત ગેસ લાઈનની સુવિધા વહેલી તકે શરૂ કરવા, ટ્રાફિક સમસ્યાના કાયમી નિવારણ, આધુનિક ભૂગર્ભ ગટર યોજનાના કામને વહીવટી સ્તરે વધુ વેગ આપવા, નવા એસ.ટી. બસ ડેપોના નિર્માણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલે ખાતરી આપતા જણાવ્યું હતું કે, આ તમામ કાર્યો પૂર્ણ કરવા માટે વહીવટી સ્તરે યોગ્ય ઘટતી તમામ કાર્યવાહી ઝડપથી કરવામાં આવશે. આ બેઠકમાં ભાજપ મહામંત્રી વિજય રાઠોડ, ભાજપ અગ્રણી શૈલેષભાઈ ટેલર, મુસ્તાનભાઈ વોહરા, ખેરગામના ઉપસરપંચ જીગ્નેશભાઈ પટેલ, સુરજ પટેલ, ખેરગામ ગ્રામ પંચાયતના સભ્ય અને બિલ્ડર મહેશભાઈ ભાનુશાલી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

પાલી કરમબેલીમાં ડમ્પરે 12 વર્ષના બાળકને કચડી નાંખ્યો

સાઈકલ લઈ દુકાને જતાં સમયે અકસ્માતમાં મોત, કચીગામનો કેવીન વેકેશનમાં મામાના ઘરે આવ્યો હતો

ઉમરગામ: ઉમરગામના પાલી કરમબેલીમાં ડમ્પરચાલકે સાઈકલને અડફેટે લેતાં એક બાર વર્ષના બાળકનું કરુણ મોત નીપજવા પામ્યું હતું. આ બનાવને પગલે પરિવારજનોમાં દુઃખની લાગણી વ્યાપી જવા પામી હતી.

ઉમરગામના કચીગામ ડુંગરી ફળિયામાં રહેતા દીપકભાઈ ભગુભાઈ હળપતિના બાળકો વેકેશન કરવા પાલી કરમબેલી ખાતે મામાના ઘરે ગયા હતા. બુધવારે સવારના પોણા નવેક વાગ્યાના સુમારે દીકરો કેવીન (ઉં.વ.12) ઘરેથી સાઈકલ લઈને દુકાને જતો હતો. તે વખતે પાલી કરમબેલી બ્રાહ્મણ ફળિયું બેંક ઓફ બરોડાની સામે જાહેર રોડ ઉપર એક ડમ્પર (નં. જીજે 15 એકસએકસ 2869) ના ચાલક શૈલેષ ધોડી (રહે., કરજગામ, ડુંગરી ફળિયા) એ પોતાનું ડમ્પર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સાઈકલને અડફેટે લેતાં સાઈકલ ચાલક બાળક કેવીનને શરીરે ગંભીર ઈજા થતાં એમ્બ્યુલન્સમાં બેસાડી ભીલાડ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવતા ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

આ બનાવની સરીગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દીપકભાઈ ભગુભાઈ હળપતિ રહે કચીગામે આપતા પોલીસે ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

નાની દમણમાં પુરાણ કરેલા ખાડામાં કાર ખુંપાઈ ગઈ

દમણ: નાની દમણના ખારીવાડ વિસ્તારના આઈસ ફેક્ટરી રોડ પાસે છેલ્લા ઘણા દિવસોથી પાણીની પાઈપલાઈન નાંખવાનું કાર્ય ચાલી રહ્યું હતું. જ્યાં માટીનું પુરાણ કર્યા બાદ બુધવારે રાત્રે આ રસ્તા પરથી એક MH-02-GE-5152 ટોયોટા ફોર્ચ્યુન કાર માટીના પુરાણમાં એક બાજુએથી ખૂંપી જવા પામી હતી. લાખ પ્રયત્નો કર્યા બાદ પણ કારનો ચાલક કારને બહાર કાઢવામાં અસમર્થ રહેતા આખરે જે.સી.બી.ની મદદથી કારને બહાર કાઢવામાં આવી હતી. આ ઘટનામાં કારનો ખાડામાં પડેલા ભાગને નુકસાન પહોંચવા પામ્યું હતું. જો કે, આ ઘટનામાં કારચાલકને કોઈ પણ પ્રકારની ઈજાઓ થવા પામી ન હતી.

વાપીમાં એપલ કંપનીની નકલી એસેસરીઝ ઝડપાઈ

ચાર દુકાનમાંથી રૂ.3.06 લાખનો ડુપ્લિકેટ માલ કબજે

વાપી: ગાંધીનગરમાં રહેતા અને મુંબઈ સ્થિત ગ્રીફિન ઈન્ટેલેકચયુઅલ પ્રોપર્ટી સર્વિસ પ્રા.લિ.માં રીજનલ મેનેજર તરીકે નોકરી કરતાં સુનિલભાઈ મહેન્દ્રભાઈ વોરાને માહિતી મળી હતી કે, વાપી જીઆઈડીસી ચાર રસ્તા સ્થિત હિના આર્કેડમાં આવેલી ન્યુ મુંબઈ, એમ.કે.મોબાઈલ સ્ટોર, યુબોન જસ્ટ ટેલીકોમ અને વાપી ગીતાનગર સ્ટેશન રોડ નજીક સદગુરૂ મોબાઈલની દુકાનોમાં આઈફોન કંપનીના એપલના સિમ્બોલવાળી નકલી મોબાઈલ એસેસરીઝ વેચાણ થઈ રહી છે. જે આધારે તેઓ અને વાપી પોલીસ ટીમને સાથે રાખી વર્ણવેલ દુકાનોમાં રેઈડ કરી હતી. જેમાં ગીતાનગરની દુકાનમાંથી રૂ.99,400ની નકલી એસેસરીઝ સાથે જગદીશ માંગીલાલ ચૌધરી (રહે. પરિશ્રમ વિલા, ગીતાનગર, વાપી), વાપી જીઆઈડીસી સ્થિત હિના આર્કેડમાં આવેલ ન્યુ મુંબઈની દુકાનમાંથી 1,57,980ના નકલી જથ્થા સાથે બાગસીંગ રામસીંગ રાજપૂત (ઉં.વ.32, રહે., આસ્થા એવન્યુ, બલીઠા), એમ.કે.મોબાઈલ સ્ટોરમાંથી રૂ.15,900ની મતા સાથે દેવીલાલ વચનારામ મોદી (ઉં.વ.25, રહે., સુથારવાડ, તપોવન સોસાયટી, વાપી) અને યુબોન જસ્ટ ટેલિકોમમાંથી રૂ.33,700ના જથ્થા સાથે જયમ ભરતભાઈ ભાનુશાલી (ઉં.વ.32, રહે. શિવસાગર રેસીડન્સી, વાપી) મળી આવ્યા હતા. વાપીની ચાર દુકાનોમાંથી એપલ કંપનીના લોગોવાળી ડુપ્લિકેટ એસેસરીઝ કિંમત રૂ.3,06,980નો મુદ્દામાલ કબજે કરી તેઓની સામે વાપી ટાઉન પોલીસ મથકમાં કોપીરાઈટ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

ક્રિપ્ટોમાં રોકાણના બહાને રૂ.14.28 લાખની ઠગાઈમાં ગેંગનો સભ્ય ઝડપાયો

મુંબઇના ભેજાબાજ ગુજરાતીએ વેબસાઇટ બનાવી દેશનાં અનેક રાજ્યોમાં છેતરપિંડી આચરી

વલસાડ: ઓનલાઈન ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરાવી ઊંચા નફાની લાલચ આપી સાઈબર ગઠિયાઓએ વલસાડના વાપીના ડુંગરા વિસ્તારમાં રહેતા એક યુવાન સાથે 14.28 લાખની ઠગાઈ કરી હતી. આ સાયબર ઠગાઈ આચરનાર આંતરરાજ્ય ગેંગના એક સભ્યને વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને મુંબઈથી ઝડપી પાડ્યો છે.

દાદરા નગર હવેલીના ડુંગરા વિસ્તારમાં રહેતા આયુષ કિરણકુમાર જૈન (ઉં.વ.26)ને અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારાએ “ગોલ્ડ નેસ્ટ રિસર્ચ કંપની”ના નામે ક્રિપ્ટોમાં રોકાણ કરશો તો સારો રિટર્ન મળશે તેવી લાલચ આપી હતી. ત્યારબાદ ફરિયાદીને https://dtbx.exchange/staking નામની વેબસાઈટની લિંક મોકલી તેમના માતા-પિતાના બેંક એકાઉન્ટમાંથી છેલ્લા બે વર્ષ દરમિયાન કુલ 14.28 લાખનું ઈન્વેસ્ટમેન્ટ કરાવ્યું હતું. શરૂઆતમાં પોર્ટફોલિયોમાં નફો બતાવવામાં આવ્યો હતો, પરંતુ જ્યારે ફરિયાદીએ પોતાની રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે વેબસાઈટમાં એરર આવવા લાગી અને તમામ સંપર્ક નંબર બંધ થઈ ગયા હતા. ત્યારબાદ ફરિયાદીએ વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે બેંક એકાઉન્ટ, વોટ્સએપ ચેટ, ફોન કોલ્સ સહિતના ટેકનિકલ પુરાવાઓના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મુંબઈના દહિસર ઈસ્ટ વિસ્તારમાં રહેતા ઉમેશ છગનભાઈ પટેલની સંડોવણી સામે આવી હતી. પોલીસે મુંબઈ ખાતે ટીમ મોકલી આરોપીની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી વીવો કંપનીનો મોબાઈલ ફોન કબજે લેવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં આરોપી સામે નવસારી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં પણ સમાન પ્રકારનો ગુનો નોંધાયેલો હોવાનું બહાર આવ્યું છે. ઉપરાંત સમગ્ર દેશમાં તેના સંબંધિત બેંક એકાઉન્ટ સામે કુલ 38 ફરિયાદ નોંધાઈ હોવાનું પણ સામે આવ્યું છે.

વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે લોકોને “ઘરે બેઠા લાખો કમાવો”, “100 ટકા ગેરંટી પ્રોફિટ” અને “પૈસા ડબલ” જેવી લાલચ આપતા મેસેજ અને ફેક ઈન્વેસ્ટમેન્ટ એપ્સથી સાવચેત રહેવા અપીલ કરી છે. કોઈ અજાણી લિંક, એપ અથવા વેબસાઈટમાં રોકાણ ન કરવા તેમજ OTP, UPI PIN અને બેંક વિગતો કોઈ સાથે શેર ન કરવા સૂચના આપવામાં આવી છે.

TIME TECHNOPLAST LTD.
Bringing Polymers To Life

CIN: L27203DD1989PLC003240

Regd. Office: 101, 1st Floor, Centre Point, Somnath Daman Road, Somnath, Dabhel, Nani Daman, Dadra and Nagar Haveli, Daman and Diu (U.T.) 396 210
Corp. Office: 55, Corporate Avenue, Saki Vihar Road, Andheri (E), Mumbai - 400 072 Website: www.timetechnoplast.com; Email: investors@timetechnoplast.com

EXTRACT OF AUDITED (STANDALONE AND CONSOLIDATED) FINANCIAL RESULTS FOR THE QUARTER & YEAR ENDED 31ST MARCH, 2026 (₹ In Lakhs)

S No.	Particulars	Standalone				Consolidated			
		Quarter Ended 31.03.2026 (Audited)	Quarter Ended 31.03.2025 (Audited)	Year Ended 31.03.2026 (Audited)	Year Ended 31.03.2025 (Audited)	Quarter Ended 31.03.2026 (Audited)	Quarter Ended 31.03.2025 (Audited)	Year Ended 31.03.2026 (Audited)	Year Ended 31.03.2025 (Audited)
1	Total income from operations	80,859	71,233	2,88,042	2,66,267	1,67,667	1,46,874	6,10,520	5,45,704
2	Net Profit for the period after tax	6,401	5,003	21,807	17,433	13,184	10,952	46,872	38,794
3	Total Comprehensive Income	6,423	5,038	21,828	17,468	13,502	11,126	47,266	38,926
4	Equity Share Capital (Face Value of ₹ 1 each)	4,936	2,269	4,936	2,269	4,936	2,269	4,936	2,269
5	Reserves (excluding Revaluation Reserve) as per Audited Balance Sheet of the previous year						-		
6	Earnings Per Share (Face Value of ₹ 1 each)								
	a. Basic	1.30	1.10	4.65	3.84	2.67	2.41	9.99	8.55
	b. Diluted	1.30	1.10	4.65	3.84	2.67	2.41	9.99	8.55
7	Net Worth excluding Revaluation reserve	2,84,087	1,89,697	2,84,087	1,89,697	4,08,830	2,89,214	4,08,830	2,89,214
8	Outstanding Debt	61,832	59,904	61,832	59,904	63,944	64,651	63,944	64,651
9	Debt Equity Ratio	0.22	0.32	0.22	0.32	0.16	0.22	0.16	0.22
10	Debt Service Coverage Ratio	5.28	1.13	4.81	2.30	7.95	3.08	6.62	3.31
11	Interest Service Coverage Ratio	10.55	7.85	8.57	7.04	13.95	9.79	11.30	8.63

Notes: The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the Stock Exchange websites at www.bseindia.com , www.nseindia.com and on the Company's website at www.timetechnoplast.com

Place : Mumbai
Date : 27th May 2026

For TIME TECHNOPLAST LIMITED
Bharat Kumar Vageria
Managing Director (DIN: 00183629)

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ: 09, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-110057.
બ્રાન્ચ ઓફિસ: શોપ નં. 3, બીજો માળ, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. 115/1, પૈકી પ્લોટ નં. -1, નવસારી, ગુજરાત. પિન - 396445.

જાહેર નોટિસ (સ્થાવર મિલકતની વેચાણ માટેની ઈ-હરાજી)

[સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8(6) હેઠળ]
સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સુરક્ષિત લેણદાર) પાસે ગીરો મુકેલી સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટિસ.

સામાન્ય જનતાને અને વિશેષ કરીને લોન લેનાર, સહ-લોન લેનાર અને જામીનદાર અથવા તેમના કાયદેસરના વારસદારો/પ્રતિનિધિઓને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે દર્શાવેલ સ્થાવર મિલકતો જે સુરક્ષિત લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલી છે, જેનો કબજો હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સુરક્ષિત લેણદાર)ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ નીચે દર્શાવેલા લોન લેનારાઓ, સહ-લોન લેનારાઓ અથવા જામીનદારો પાસેથી બાકી લેણી રકમની વસૂલાત માટે 30-જૂન-2026 (ઈ-હરાજીની તારીખ)ના રોજ “જ્યાં છે ત્યાં”, “જેમ છે તેમ” અને “જે કંઈ પણ છે”ના ધોરણે કરવામાં આવશે. રિઝર્વ પ્રાઇઝ (અનામત કિંમત) અને અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) નીચે મુજબ દર્શાવેલ છે. જાહેર ઈ-હરાજીમાં ભાગ લેવા માટે EMDની ચુકવણી ડિમાન્ડ ડ્રાફ્ટ (DD)/RTGS/NEFT દ્વારા કરવાની રહેશે, જે બિડ ફોર્મ સાથે અધિકૃત અધિકારી, હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડને 29-જૂન-2026ના રોજ અથવા તે પહેલાં સાંજે 5 વાગ્યા સુધીમાં બ્રાન્ચ ઓફિસ: શોપ નં. 3, બીજો માળ, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નં. 115/1, પૈકી પ્લોટ નં. -1, નવસારી, ગુજરાત. પિન-396445 ખાતે સબમિટ કરવાની રહેશે.

લોન ખાતા નં.	લોન લેનાર / સહ-લોન લેનાર / જામીનદાર / કાયદેસરના વારસદાર / કાયદેસરના પ્રતિનિધિના નામ	ડિમાન્ડ નોટિસની તારીખ તારીખ સુધીની રકમ	કબજાનો પ્રકાર (કન્સ્ટ્રક્ટિવ / ફિઝિકલ)	અનામત કિંમત અર્નેસ્ટ મની ડિપોઝિટ
HHFNVSHOU2200 0022638 // HHFNV SIPL22000022648	સમીર મહંમદશફી મન્સૂરી, મન્સૂરી નાઝનીન સુલ્તાના મોહસમીર	14/10/2025, 27/05/2026 ના રોજ રૂ. 17,48,654/-	ફિઝિકલ	રૂ. 14,85,000/- રૂ. 1,48,500/-

મિલકતનું વર્ણન: સ્થાવર જમીનનો તમામ એ ભાગ અને પાર્સલ જે ફ્લેટ નં. 403, ચોથા માળે, આશરે 99.91 ચોરસ મીટર સુપર બિલ્ટ-અપ એરિયા અને આશરે 71.10 ચોરસ મીટર બિલ્ટ-અપ એરિયા ધરાવે છે, તેમજ “શ્રી આદિનાથ એપાર્ટમેન્ટ” તરીકે ઓળખાતી સ્કીમમાં 29.18 ચોરસ મીટર અવિભાજિત જમીન વિસ્તારના પ્રમાણસર હિસ્સા સાથે આવેલ છે. આ સ્કીમ પ્લોટ નં. 13, 14, 15, 16, 17 પર, રેવન્યુ સર્વે નં. 158 પૈકી, સિટી સર્વે નં. 4718 પૈકી શીટ નં. 117, ફાઇનલ પ્લોટ નં. 59 અને 69, ટી.પી. સ્કીમ નં. 03, મોજે: નવસારી, તાલુકા નવસારી સિટી, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટ નવસારી, ગુજરાત રાજ્યની જમીનનો ભાગ છે. ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. ગુજરાત લાઇટ કંપની લિમિટેડ સર્વિસ નં. 42852027976 અને મીટર નં. DGSP955781. મિલકતની સીમાઓ: પૂર્વ: અડીને આવેલો પેસેજ, પશ્ચિમ: અડીને આવેલો પેસેજ, લિફ્ટ અને ફ્લેટ નં. 402, ઉત્તર: અડીને આવેલો પેસેજ, દક્ષિણ: અડીને આવેલો પેસેજ.

લોન ખાતા નં.	નામ	ડિમાન્ડ નોટિસની તારીખ / રકમ	કબજાનો પ્રકાર	અનામત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ
HHFNVSHOU2200 0022643 // HHFNV SIPL22000022641	સમીર મહંમદશફી મન્સૂરી, મન્સૂરી નાઝનીનસુલ્તાના મોહસમીર	14/10/2025, 27/05/2026 ના રોજ રૂ. 17,94,089/-	ફિઝિકલ	રૂ. 14,85,000/- રૂ. 1,48,500/-

મિલકતનું વર્ણન: સ્થાવર જમીનનો તમામ એ ભાગ અને પાર્સલ જે ફ્લેટ નં. 402, ચોથા માળે, આશરે 51.12 ચોરસ મીટર સુપર બિલ્ટ-અપ એરિયા અને આશરે 72.02 ચોરસ મીટર બિલ્ટ-અપ એરિયા ધરાવે છે, તેમજ “શ્રી આદિનાથ એપાર્ટમેન્ટ”તરીકે ઓળખાતી સ્કીમમાં 21.03 ચોરસ મીટર અવિભાજિત જમીન વિસ્તારના પ્રમાણસર હિસ્સા સાથે આવેલ છે. આ સ્કીમ પ્લોટ નં. 13, 14, 15, 16, 17 પર, રેવન્યુ સર્વે નં. 158 પૈકી, સિટી સર્વે નં. 4718 પૈકી શીટ નં. 117, ફાઇનલ પ્લોટ નં. 59 અને 69, ટી.પી. સ્કીમ નં. 03, મોજે: નવસારી, તાલુકા નવસારી સિટી, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ-ડિસ્ટ્રિક્ટ નવસારી, ગુજરાત રાજ્યની જમીનનો ભાગ છે. ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખેલી સામાન્ય સુવિધાઓ સાથે. ગુજરાત લાઇટ કંપની લિમિટેડ સર્વિસ નં. 42852027968 અને મીટર નં. DGSP955780. મિલકતની સીમાઓ: ઉત્તર: અડીને આવેલો પેસેજ અને ફ્લેટ નં. 101 અને 403, દક્ષિણ: અડીને આવેલો પેસેજ, પૂર્વ: અડીને આવેલો ફ્લેટ નં. 403, પશ્ચિમ: અડીને આવેલો ફ્લેટ નં. 401.

નિયમો અને શરતો : ઈ-હરાજી પોર્ટલ https://bankeauctions.com દ્વારા 30-જૂન-2026 (ઈ-હરાજીની તારીખ) ના રોજ સવારે 11:00 વાગ્યાથી શરૂ થશે, જેમાં દરેક વખતે 10 મિનિટનું મર્યાદિત એક્સટેન્શન રહેશે. ઈચ્છુક ખરીદદારો/બિડર્સે EMDની રકમ RTGS/NEFT દ્વારા અથવા “HERO HOUSING FINANCE LTD.”ના પક્ષમાં ડિમાન્ડ ડ્રાફ્ટ (DD)/RTGS/NEFT દ્વારા જમા કરાવવાની રહેશે. ઈ-હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયા પછી અસફળ બિડર્સને EMDની રકમ પરત કરવામાં આવશે.
ઈ-હરાજીના નિયમો અને શરતો: 1. ઈ-હરાજી “જ્યાં છે ત્યાંના ધોરણે”, “જેમ છે તેમના ધોરણે”, “જે કંઈ પણ છે ધોરણે” અને “કોઈ આશરો લીધા વિના”ના ધોરણે યોજવામાં આવશે અને તે “ઓનલાઈન” સંચાલિત થશે. 2. બિડમાં વધારાની રકમ રૂ. 15,000/- (રૂપિયા પંદર હજાર માત્ર) રહેશે. 3.ઈ-હરાજી મેસર્સ સી-1 ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (M/s. C-1 India Pvt Ltd) દ્વારા શ્રી ધરણી કૃષ્ણ-9948182222 (હેલ્પલાઇન નં.: સપોર્ટ લેન્ડલાઇન નં. +91 124 4302020 /2021/2022/2023/2024 | સપોર્ટ મોબાઈલ નં.: +917291981124/25/26 અને ઈ-મેલ: support@bankeauctions.com / andhra@c1india.com)ના માધ્યમથી તેમના વેબ પોર્ટલ https://bankeauctions.com પર ચલાવવામાં આવશે. 4.સુરક્ષિત લેણદારોની જાણકારી મુજબ મિલકત પર કોઈ બોજો નથી. જોકે, ઈચ્છુક બિડર્સે તેમની બિડ સબમિટ કરતા પહેલા મિલકત પરના બોજા, મિલકતના ટાઇટલ અને મિલકતને અસર કરતા દાવા/હક્કો/બાકી લેણાં અંગે પોતાની રીતે સ્વતંત્ર તપાસ કરવી જોઈએ. આ સંદર્ભમાં, ઈ-હરાજીની જાહેરાત એ હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની કોઈ પ્રતિબદ્ધતા અથવા રજૂઆત ગણાશે નહીં. 5. અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર કોઈપણ તૃતીય-પક્ષ દાવા/હક્કો/બાકી લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. વેચાણ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ નિર્ધારિત નિયમો/શરતોને આધીન રહેશે. ઈ-હરાજીની અન્ય શરતો નીચેની વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવી છે: www.herohousingfinance.com 6.મિલકતની વિગતો અને મિલકતની મુલાકાત માટે શ્રી જીગ્નેશ સવજીભાઈ સોલંકી / 7984178663 / jignesh.solanki@herohfl.com / અને શેખર સિંહ / 9711522275 / shekhar.singh@herohfl.comનો સંપર્ક કરવો. 7.સંભવિત બિડર્સ 23-જૂન-2026ના રોજ સવારે 11.00થી બપોરે 2.00 વાગ્યાની વચ્ચે પૂર્વ એપોઇન્ટમેન્ટ લઈને મિલકતનું નિરીક્ષણ કરી શકે છે.

લોન લેનાર/જામીનદાર/મોર્ગેજરને 30 દિવસની વેચાણ નોટિસ

ઉપરોક્ત લોન લેનાર/મોર્ગેજર/જામીનદારોને આથી નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં સેક્શન 13(2) હેઠળની ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ, આજની તારીખ સુધીના વ્યાજ અને ખર્ચ સાથે ચૂકવી દે, તેમ ન કરવાના કિસ્સામાં મિલકતની હરાજી કરવામાં આવશે અને જો કોઈ બાકી લેણી રકમ રહેશે, તો તે વ્યાજ અને ખર્ચ સાથે તમારી પાસેથી વસૂલ કરવામાં આવશે.
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સુરક્ષિત લેણદાર) ની વેબસાઇટ એટલે કે www.herohousingfinance.com પર આપેલ લિંક https://uat.herohomefinance.in/hero_housing/other-notice નો સંદર્ભ લો.

તારીખ: 29/05/2026
સ્થળ: નવસારી/ગુજરાત

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ વતી
અધિકૃત અધિકારી: શ્રી જીગ્નેશ સવજીભાઈ સોલંકી, મોબાઈલ: 7984178663
ઈમેલ આઈડી: jignesh.solanki@herohfl.com